જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૫/૨૦૨૩ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

# પીડીત મહિલાને પતિના ત્રાસથી મુક્ત કરાવી તેનો ઘરસંસાર બચાવતી નારોલ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમ

૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક મહિલાનો ફોન આવે છે અને તેના પતિ બોલાચાલી કરી તેમના છોકરાને જબરજસ્તી લઇ જવા માંગે છે. તેમ જણાવતા તુરંત ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમ તથા નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ માણસો જગ્યા પર પહોચી જાય છે અને મહિલાનુ કાઉન્સેલીંગ કરતા મહિલા તેના પતિ સાથે સુરત રહે છે. અત્રે તેના જેઠના ત્યા રહેવા આવેલ છે. તેનો પતિ અવાર-નવાર નશો કરી મારપીટ કરતો હોય મહિલા ઘણીવાર પોતાના પિયર આવતી રહે છે. પરંતુ સમાજના માણસોથી સમજાવટ થયા બાદ પરત પોતાના પતિના ઘરે જતી રહે છે. આજરોજ પણ તે પોતાના જેઠના ત્યા આવેલ હોય અને તેનો પતિ તેને લેવા આવેલ હોય મહિલાએ જવાની ના પાડતા મહિલાના પતિ તેના બાળકને જબરજસ્તી લઇ જતા હોય જેથી મહિલાના પતિને પોતાની પત્ની તથા બાળકોને સારી રીતે રાખવા સમજાવેલ અને પતિ પત્ની બંન્ને સમજી જતા તેઓ હાલ મહિલાના જેઠના ત્યા રોકાયેલ છે. પત્નીને ખોટી રીતે હેરાન પરેશાન નહિ કરવાનુ સમજાવી તેમનો ઘરસંસાર સારી રીતે ચાલે એવી સમજાવટ થી બંન્નેના ઝઘડાનુ સુખદ નિરાકરણ લાવી નારોલ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમે સારી કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ -:** નારોલ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૭૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૩૪ લીટર દેશી દારૂ, ૭૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બીયરટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૭૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૭૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## રોકડ મુકેલ બેગ ખેંચી ઝુંટવી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૭૭૯/૨૦૨૩

**નવરંગપુરાઃ** કમલેશકુમાર કાનારામજી (ઉ.વ.૨૨)(રહે,લાલસાવાડ સોસાયટી આદર્શ ચોકની સામે,વટવા ગામ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૫/૨૦૨૩ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે કમલેશકુમાર તથા સાહેદ છગનલાલ નાઓ તેઓની “ડી નરેશ આંગડીયા પેઢી” ની નવરંગપુરા મરડીયા પ્લાઝા ખાતે આવેલ “એન્જલ ફોરેક્ષ” નામની કંપનીમાંથી રોકડ રૂપિયા ૨૫,૮૭,૧૫૦/- તથા ઇસ્કોન મોલમા આવેલ “કે.બી.એક્ષચેન્જ” નામની કંપનીમાંથી રોકડ રૂપિયા ૨૪,૩૨,૫૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૧૯,૬૫૦/- એક બેગમાં મુકી એકટીવા ઉપર પસાર થતા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ પોતાનું એકટીવા કમલેશકુમારની એકટીવાની નજીક લાવી, કમલેશકુમારની એકટીવા પાછળ બેસેલ સાહેદ છગનલાલ ભોમાજી પ્રજાપતિ પાસે થી કુલ રૂપિયા ૫૦,૧૯,૬૫૦/- મુકેલ બેગ ખેંચી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એ.દેસાઈ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૭૮૦/૨૦૨૩

**શહેરકોટડાઃ** શંકરલાલ મેઘજીભાઇ પુરોહિત (ઉ.વ.૬૪)(રહે.લુહારશેરી, સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૩ સવારના ૭/૩૦ થી તા.૧૧/૦૫/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- ચોરી કર્યા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

**નજર ચુકવી ચોરીઃ** **સમાચાર યાદી નં.૭૮૧/૨૦૨૩**

**રાણીપઃ** ચંપાબહેન નટવરલાલ પટેલ (ઉ.વ.૭૫)(રહે.ઘનશ્યામ એપાર્ટમેન્ટ સર્વેશ્વર મહાદેવના ખાંચામાં રાધાસ્વામી રોડ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૫/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન રાણીપ રાધાસ્વામી રોડ સર્વેશ્વર મહાદેવ એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ થી રાણીપ ડી-માર્ટ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરિક્ષા ડ્રાયવર તથા પાછળ ની સીટમાં બેસેલ બે અજાણ્યા પુરૂષ અને એક અજાણી સ્ત્રીએ ભેગામળી ચંપાબહેનની નજર ચુકવી તેમના હાથમા પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- હાથમાંથી કાઢી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૮૨/૨૦૨૩**

**એસ.જી.હાઇવે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ-** ઇશ્વરભાઇ લક્ષ્મણભાઇ ભરથરી (ઉ.વ.૫૫)(રહે.સુર્યનગર ભીલવાસ કુંવારીકા નદીના કિનારે પાટણ) તા.૧૨/૦૫/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઇ-વે અદાણી સી.એન.જી. ગેસ પંપ સામે, વાયએમસીએ ચાર રસ્તા તરફથી ઉજાલા તરફ જવાના રોડ ઉપર ચાલતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે એક આઇસર ટ્રક નંબર જીજે.૦૧.જેટી.૩૭૦૫ ના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી આઇસર ચલાવી લાવતા, ઇશ્વરભાઇને ટકકર લાગતા, ઇશ્વરભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૫/૨૦૨૩ રાતના ૮/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની ફરીયાદ ઇશ્વરભાઇના પુત્ર ભરતભાઇ ભરથરીએ એસ.જી.હાઇવે-૨ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “એ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૮૩/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** શાહબાઝ સત્તારભાઈ ફકીર (ઉ.વ.૧૯)(રહે.સંતોષનગર બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૫/૨૦૨૩ સવારના ૧૦/૪૫ વાગ્યા પહેલા નદીના પૂર્વ કિનારે ક્રિશ્રિયન કબ્રસ્તાન પાસે રિવરફ્રન્ટ ઘાટ નંબર-૧૫ પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઈ કાનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી